# બનાસકાંઠા કોંગ્રેસમાં ભંગાણ : જિલ્લા પંચાયત સદસ્ય સહિત કાર્યકરો ભાજપમાં

ડીસા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લાની ખાલી પડેલી લોકસભા બેઠક પર આગામી ૨ જૂન ૨૦૧૩ના રોજ મતદાન યોજાઈ રહ્યું છે ત્યારે આ બેઠક પર કોંગ્રેસની મુસીબતોમાં વધારો થઇ રહ્યો છે. જેમાં માલગઢ બેઠકના ઉમેદવાર સહિત અનેક આગેવાનો અંદાજિત ૨૦૦૦થી વધુ કાર્યકરોનો કાફલો વિધિસર ભાજપમાં જોડાતા કોંગ્રેસ છાવણીમાં સોંપો પડી ગયો છે.



બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં આવેલ કાંટ ગામે આજે ૧૨ કલાકે ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુની અધ્યક્ષતામાં એક સભા યોજાઈ હતી. આ સભામાં ભાજપના યુવા મોરચાના રાષ્ટ્રીય નેતા અમિતજી, ચાણસ્મા ધારાસભ્ય દિલીપભાઈ સહીતના અનેક પ્રદેશ અને જિલ્લા ભાજપના નેતાઓ હાજર રહ્યા હતા. આ સભામાં ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુના હસ્તે કોંગ્રેસના જિલ્લા પંચાયત માલગઢ બેઠકના ઉમેદવાર દરીયાબેન ચમનાજી ઠાકોર, કાંટ ગ્રામ પંચાયત સરપંચ શંભુજી ઠાકોર, તાજેતરની વિધાનસભાની યોજાયેલી ચૂંટણીમાં ડીસા ભાજપના ધારાસભ્ય લીલાધર વાઘેલા સામે અપક્ષ તરીકે ઉભા રહી ૨૧૦૦૦ વોટ મેળવનાર મંગળજી મનરૂપજી માળી સહિતના અંદાજિત ૩૦૦૦ જેટલા કાર્યકરો ભાજપમાં જોડાતાં કોંગ્રેસ પક્ષમાં સન્નાટો છવાયો હતો. લોકસભાની પેટાચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપના આ નવીન આક્રમણ સામે કેવી રીતે રક્ષણ મેળવવું તે કોંગ્રેસ માટે સંશોધનનો વિષય બનેલ છે. જ્યારે કોંગ્રેસના કાર્યકરો વિકાસશીલ ભાજપમાં જોડાતાં ભાજપ પ્રવક્તાએ તેમને આવકાર્યા હતા.



જ્યારે ભાજપમાં જોડાતાં કોંગ્રેસી આગેવાનોએ પક્ષમાં તેમની થતી અવગણના અને મુખ્યમંત્રી મોદીની કામગીરીથી પ્રભાવિત થઇ તેઓ ભાજપમાં જોડાયેલ હોવાનું જણાવ્યું હતું.

## ઊંઝા તાલુકાના ગામોમાં તલાટીઓ પાસે મહત્વના રેકર્ડનું ઠેકાણું ન હોવાથી ગ્રામજનો ભારે પરેશાન

ઊંઝા, તા. ૨૬

ઊંઝા તાલુકામાં તાલુકા અને જિલ્લા કક્ષાના સંબંધિત ઉચ્ચ અધિકારીઓની નિષ્ક્રિયતા યા તપાસણીના અભાવે કેટલાક ગામોમાં તલાટીઓ પાસે રખાતા મહત્વના રેકર્ડનું કોઈ ઠેકાણું ન હોવાથી મહત્વના રેકર્ડ મેળવવા માટે ગ્રામજનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી જૂના ગામઠાણપત્રક, વાડાપત્રક, જમીનને લગતા નકશાઓ, તેમજ અન્ય મહત્વના રેકર્ડ, ડેડ સ્ટોકનું ઠેકાણું નથી. વર્ષો જૂના રેકર્ડને નવેસરથી બનાવવાની તેમજ જાળવવાની તસ્દી કે કાળજી લેવામાં આવી નથી.

કેટલીક ગ્રામ પંચાયતોમાં કથિત તલાટીઓએ રેકર્ડ સાથે ચેંડા કરી તેમજ ગરબડ ગોટાળાઓ થકી વ્યાપક ભ્રષ્ટાચાર કર્યા હોવાનું કહેવાય છે. કહે છે કે, કેટલાક રીઢા તલાટીઓ રાજકીય ઓથ યા લાગવગ તેમજ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવીને પોતાના આર્થિક હીતો સાચવીને તગડા થઈ રહ્યા છે. કહે છે કે, કેટલીક ગ્રામ પંચાયતોમાં વહિવટી અનિયમિતતા, ખાયકી સામાન્ય બની ગઈ છે. વિકાસને લગતા તેમજ અન્ય પ્રજાહિતને લગતા કામોમાં ગેરરીતિઓ થકી ભ્રષ્ટાચારના કિસ્સા ચર્ચાસ્પદ બન્યા છે.

ગ્રામ પંચાયતોમાં થયેલ ગરબડ ગોટાળા, ગેરરીતિઓ સંદર્ભે ઉચ્ચ કક્ષાએ યોગ્ય તપાસ નથી. કે કસૂરદારો સામે કોઈ કડક પગલાં લેવાતાં નથી. ગ્રામ પંચાયતોમાં જે ગરબડ ગોટાળા થયા છે તે અંગે તાલુકા કે જિલ્લા કક્ષાના અધિકારીને તપાસ કરવાની પણ ફુરસદ નથી. જેથી તેઓનું મૌન સાંઠગાંઠની ચાડી ખાઈ રહ્યું હોય તેમ જણાય છે.

સરકારના સિદ્ધિઓના જોરશોરથી ગાણાં ગવાય છે. પરંતુ ગામડાઓમાં ગ્રામપંચાયતના મહત્વના રેકર્ડ, વહિવટી કામગીરી, થયેલ કામો, પ્રગતિમાં તે કામોની ઝીણવટભરી તપાસ કરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ મનાય છે.

## ખેડબ્રહ્મા તાલુકામાં સરકારી સસ્તા અનાજનો જથ્થો સગેવગે કરતાં વેપારીઓ

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ સરકારી વ્યાજબી ભાવની દુકાનમાંથી ઘઉં, તેલ, કેરોસીન, ચોખા સહિતના સરકારી જથ્થો બારોબાર સગેવગે થઈ હોવાથી લોકોમાં આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. વ્યાજબી ભાવની દુકાનમાંથી થઈ રહેલી ગેરરીતિની ફરિયાદો અનેક વખત તંત્ર સમક્ષ લોકોએ કરી છે. છતાં તંત્રના અધિકારીઓ આ મામલે આંખ આડા કાન કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ સસ્તા અનાજની સરકારી દુકાનમાંથી ગરીબ વર્ગના લોકો ઘઉં, તેલ, ચોખા, કેરોસીન, ખાંડ વગેરે માત્ર નજીવી કિંમતે મેળવે છે. પરંતુ ખેડબ્રહ્મા તાલુકાના અંતરીયાળ વિસ્તારોમાં વ્યાજબી ભાવીની દુકાન ચલાવતા દુકાન માલિકો સરકારી ભાવે આવતી ચીજવસ્તુઓને બારોબહાર કાળાબજારમાં વેચી મારે છે અને ગ્રામ્ય વિસ્તારની ભોળી પ્રજાને અનાજનો જથ્થો આવ્યો નથી તેમ કહી મૂર્ખ બનાવે છે. સરકારી ઘઉં, ખુલ્લેઆમ માર્કેટમાં વેચાઈ રહ્યા છે. જ્યારે કેરોસીન ગાડીઓવાળાઓને પધરાવી દે છે. ૫ લીટર કેરોસીન ૧૮૦ થી ૨૦૦ રૂપિયામાં વેચી વેપારી મોટો નફો રળી લે છે. જ્યારે ગરીબ વર્ગના લોકો મહિના સુધી દુકાનોના આંટા મારીને થાકી જાય છે. આ મામલે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. છતાં તંત્રના બહેરા કાને ગરીબ વર્ગના લોકોની રજુઆતની કોઈ અસર થતી ન હોય તેમ લાગી રહ્યું છે. જિલ્લા પુરવઠા અધિકારી ન્યાયિક તપાસ કરે તો ઘણી બધી ગેરરીતિ બહાર આવે તેમ છે. ખેડબ્રહ્મા તાલુકાના રહિશોને સરળતાથી સરકારી નિયમ પ્રમાણે વ્યાજબીભાવની દુકાનમાંથી પોતાને મળતો જથ્થો મળી રહે તેવી માંગણી લોકોમાં ઉઠવા પામી છે.

## અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ દ્વારા શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૬

**અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ તથા યુવક મંડળ અને** ખેડબ્રહ્મા ગુર્જર પ્રજાપતિ વિકાસ મંડળના ઉપક્રમે ઈડર, વડાલી, લાંબડિયા, પોશી, પ્રજાપતિ મંડળ દ્વારા તાજેતરમાં યુવા કારકિર્દી અને દામ્પત્યજીવન અંગે શિબિર યોજાઈ હતી.

**ખેડબ્રહ્માના ક્ષીરજામ્બામાતાના મંદિરે યોજાયેલી આ** શિબિરમાં સમાજના યુવા વર્ગે સુંદર કામગીરી બજાવી **નેશનલ ટ્રેનર તરીકે દિનેશ પ્રજાપતિ, સુરેશભાઈ, અલ્કાબેન** તથા ડો. ગોસાઈ અને મોતીભાઈ પ્રજાપતિ, વિદ્યાર્થીઓ અને સમાજના યુવાનોને સુંદર કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે સુખી દામ્પત્ય જીવન જીવવાની ચાવીઓ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિ બંધુઓ હાજર રહ્યા હતા.

## ઊંઝા તાલુકામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારોમાં ગેરરિતીઓ ચાલી રહ્યાની બુમરાણો ઉઠી છે

ઊંઝા, તા. ૨૬

ઊંઝા તાલુકામાં પુરવઠાતંત્રની નિષ્ક્રિયતાને કારણે પંડિત દિન દયાલ ગ્રાહક ભંડારો યાને રેશનિંગની દૂકાનોમાં છેલ્લા ઘણા વખતથી ગેરરીતિઓ ચાલી રહ્યાની બુમરાણ ઉઠી છે. ઊંઝા તાલુકાના લગભગ તમામ ગામોમાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર યાને રેશનિંગની દુકાનો આવેલ છે. જે પૈકી કેટલીક દુકાનોના સંચાલકો તેઓને ફાળવાયેલ જથ્થાના વિતરણમાં ભારે ગોલમાલ કરી કેટલોક જથ્થો કાળાબજારમાં વગે કરી તગડી કમાણી કરી રહ્યા હોવાનું ચર્ચાય છે.

કહે છે કે, અંત્યોદય, બી.પી.એલ. તથા એ.પી.એલ. કાર્ડ ધારકોને માટે ફાળવવાનો કેરોસીન, ચોખા, ઘઉં તેમજ અન્ય ચીજોનો કેટલોય જથ્થો, કાળાબજારમાં પગ કરી જાય છે. મોટાભાગની દુકાનોમાં એક દિવસ પુરતું જ કેરોસીનનું વિતરણ કરાય છે. કેરોસીન મેળવવા માટે વહેલી સવારથી લાઈનો લાગી જાય છે. બીજું પરવાનેદારો જાતે દુકાનનું સંચાલિત કરતા નથી અને બીજા વ્યક્તિઓ જ સંચાલન સંભાળતા હોઈ પરવાનાઓનો પણ દુરૂપયોગ થઈ રહ્યો હોવાનું કહેવાય છે. પરિણામે કેટલાક કાર્ડધારકો તેમને મળવાપાત્ર જરૂરી ચીજવસ્તુઓથી વંચિત રહે છે. આમ રેશનિંગની દુકાનોમાં ગેરરીતિઓ સામાન્ય બની ગઈ છે. તાલુકામાં કેટલીક મોડેલ શોપની સ્થિતિ ખરાબ બની છે.

તાલુકા તથા જિલ્લા પુરવઠાતંત્રના અધિકારીઓ દ્વારા રેશનિંગની દુકાનોમાં ફાળવાતો જથ્થો વાસ્તવમાં કાર્ડ ધારકોને મળે છે કે કેમ ? તે અંગે સાચી રીતે કોઈ જ તપાસ થતી નથી. કહે છે કે, તાલુકામાં કેટલીક જગ્યાએ કાળા બજારમાં કેરોસીનનું વિતરણ થાય છે. ટ્રેક્ટરો, રીક્ષાઓ, હોટલો વગેરેમાં તેનો ઉપયોગ થઈ રહ્યાનું કહેવાય છે. આ બાબતે ઉચ્ચકક્ષાએથી રેશનિંગની દુકાનો, કેરોસીનના વિતરકોની ઝીણવટભરી તપાસ થાય તો ઘણી ચોંકાવનારી ગેરરીતિઓ બહાર આવે તેમ છે. આમાં અધિકારીઓના કથિત હપ્તા રાજની વિગતો પણ ખુલ્લી પડી શકે તેમ છે તેવું પ્રજામાં બોલાય છે.

## હાઈસિક્યોરીટી નંબર પ્લેટ સિસ્ટમથી લોકો ત્રાહિમામ

### કેટલાક વાહન ચાલકોને હાઈસિક્યોરિટી નંબરપ્લેટ નંખાવવા માટે આખો દિવસ ગરમીમાં રાહ જોવી પડે છે

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદમાં આરટીઓ કચેરી દ્વારા ટુ-વ્હિલર, થ્રી વ્હિલર અને ફોર વ્હિલર વાહનોમાં હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ લગાવવાનું ફરજિયાત કરવામાં આવ્યુ છે. વાહનોમાં લગતી બોગસ નંબર પ્લેટોની કામગીરી રોકવા અને દરેક વાહનમાં એક જ પ્રકારની નંબર પ્લેટ રાખવાના ઉમદા હેતુથી શરૂ કરવાં આવેલી સિસ્ટમમાં હાલ નાગરિકોને ખુબ હાલાકી પડી રહી છે.

સૂત્રોની જાણકારી અનુસાર આરટીઓ કચેરીમાં વાહચાલકો મોટી સંખ્યામાં હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ લગાવવા પોતાના વાહનો લઈ કચેરીમાં આવે છે. પરંતુ આરટીઓ કચેરીમાં જગ્યાનો અભાવ હોવાથી વાહનચાલકોને પોતાના વાહન મૂકવા ખૂબ હાલાકી પડે છે. ઉપરાંત આરટીઓ કચેરીમાં સ્ટાફ ઓછો હોવાથી વાહનોમાં એક નંબર પ્લેટ લગાવવા વાહન ચાલકને બેથી ત્રણ કલાક જેવો સમય રાહ જોવડાવવામાં આવે છે.

અમૂક વાહન ચાલકોને હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ નંખાવવા આખો દિવસ રાહ જોવી પડે છે. લોકો આગ ઓકતી ગરમી અને આરટીઓ કચેરીની ધીમી કામગીરીથી ત્રાહિમામ પોકારી ગયા છે અમુક વાહનમાલિકો જ્યંથી વાહન ખરીદ્યુ હોય તે શો રૂમવાળાને અમુક રકમ આપી પોતાનો નંબર નોંધાવી દે છે. શો રૂમવાળો વાહન માલિકોથી કમિશન લઈ કામ કરી આપે છે. આરટીઓ કચેરીમાં આ સમગ્ર પદ્ધતિ ઓનલાઈન અપોઈમેન્ટ સિસ્ટમથી કાર્યરત છે. ઉપરાંત આ કામગીરીનો સમય સવારે ૧૦.૩૦ કલાકે શરૂ થાય છે પરંતુ તેમાં પણ અનિયમિતતા હોવાથી લોકો વધુ પરેશાન થાય છે અને સ્ટાફ ખૂબ ઓછો હોવાથી કામગીરીમાં ખૂબ સમય વેડફાય છે. ઉચ્ચસ્તરેથી દબાણ કરી હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ સિસ્ટમ અમલમાં તો આવી ગઈ છે પરંતુ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે નાગરિકો હેરાન-પરેશાન થઈ ગયા છે.



ખેડબ્રહ્મા તાલુકાના અંબાજી હાઈવે પર દાણ મહડી ગામ પાસે રવિવારના રોજ સાંજના સમયે ખેડબ્રહ્મા બાજુથી અંબાજી તરફ જઈ રહેલ ટ્રેઈલર નં. આર.જે. ૭ જી.સી. ૪૬૬માં ખાંડની બોરીઓ ભરી હતી ત્યારે અગમ્ય કારણોસર સળગી ઉઠી હતી જેમાં કોઈ જાન હાની થઈ નથી પરંતુ આખું ટ્રેઈલર બળીને ખાખ થઈ ગયું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ચાર શખ્સોએ વિધવાને ગોંધી બળાત્કાર ગુજાર્યો

### જુનાગઢના લીરબાઈ પરામાં રહેતી વિધવાને માર્ચ માસ દરમિયાન ધંધુસરના ચાર શખ્સો ઘરેથી ઉઠાવી ગયા

અમદાવાદ, તા. ૨૬

જુનાગઢના લીરબાઈ પરામાં રહેતી એક વિધવાને માર્ચ માસ દરમિયાન ધંધુસરના ચાર શખ્સો આવીને ઘરેથી ઉઠાવી ગયા હતા. ત્યારબાદ ધંધુસર અને તલીયાધાર ગામે વાડીના મકાનોમાં લઈ જઈને અત્યાર સુધી ગોંધી રાખીને ચારેય શખ્સો આવીને રોજે દારૂપીને આવીને જબરદસ્તીથી બળાત્કાર ગુજારતા હતા.

સુત્રોના જણાવ્યા અનુસાર મુળ ધંધુસરની વતની ૪૫ વર્ષિય મનિલાવા પતિનું થોડા સમય પહેલા મૃત્યુ થયું હતું. આથી તે એકસવાયું જીવન ગાળતી હતી અને છેલ્લા એક માસથી તે જુનાગઢના લીરબાઈપરામાં રહેતી હતી. આ મહિલાનું આશરે અઢી માસ પહેલા માર્ચ ૨૦૧૩માં ધંધુસરના એભા જેતા દીવરાણીયા, રાણા દેવા મેર, નવઘણ અરજણ મેર, અને અરજણ એભા મેર સાથે મળીને સુમો કારમાં મહિલાનું અપહરણ કરીને લઈ ગયા હતા. જેમાં નવઘણ અરજણ મેર મહિલાના ઘરમાં ઘુસીને બાઈમાં બેસાડી હતી. અને થોડે દુર ઉભી રાખેલી સુમો કારમાં મહિલાને જબરદસ્તીથી બેસાડીને લઈ ગયા હતા.

અપહરણ કર્યાબાદ મહિલાને સીધી ધંધુસર ખાતે આવેલી રાણા દેવા મેરની વાડીનાં મકાનમાં લઈ ગયા હતા. જ્યાં એભ જેતા દીવરાણીયા, રાણા દેવા મેર, અને નવઘણ અરજણ મેર તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. બાદમાં મહિલાને અત્યાર સુધી તે મકાનમાં જ પુરી રાખી હતી. એભો, રાણા દેવા અને નવઘણ મનફાવે ત્યારે વાડીના મકાને આવી જતા. ત્યાર પછી પહેલા દારૂની મહેફિલ માણતા અને ત્યારબાદ વિધવા સાથે બળજબરીથી શરીર સબંધ બાંધતા. થોડા દિવસ બાદ મહિલાને રાણાને ત્યાંથી એભા જેતાની તલીયાધર વાડીમાં લઈ જઈને મકાનમાં ગોંધી રાખી હતી. અને ત્યાં પણ આ સીલ સીલો ચાલુ રહેતો. નવઘણ, એભા, રાણા દેવા આવીને રાત્રે દારૂ પીવે અને ત્યારબાદ પોતાની હવસ સંતોષતા હતા. નર્ક સમાન યાતના સહન કરતી મહિલા આખરે તા- ૨૫-૩-૧૩ ના રોજ નાસી છુટવાનો મોકો મળ્યો હતો. અને એભાની વાડીએથી સીધી ભાગીને પહોચીં પોતાની સારવાર કરવા માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરાઈ હતી અને ત્યારબાદ બધી જ વિગતો નર્સને કહી હતી, જેની કેફિયત સાંભળીને પોલીસમાં જાણ કરી હતી. અને પોલીસ એ બધી પુછપરછ કરીને ચારેય શખ્સો વિરુધ બળાત્કાર અને અપહરણનો ગુનો દાખલ કરીને તેમને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧